ગાંધીનગર સમાચાર

બાંધકામ સમિતિના ચેરમેનનો મુદ્દો હાઈકોર્ટ પહોંચ્યો

# ગાંધીનગર જિલ્લા પંચાયત રાજ્યમાં શ્રેષ્ઠ

## બે ગ્રામ પંચાયતોની પણ રાજ્ય કક્ષાએ પસંદગી થતાં પંચાયતના કર્મચારીઓ અને પદાધિકારીઓમાં ખુશી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયત બે વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષની રાજ્યની શ્રેષ્ઠ જિલ્લા પંચાયત ઘોષિત થઈ છે. તો જિલ્લાની અમરાપુર (ખરણા) એ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત અને મોતીપુરા (વેડા)ની શ્રેષ્ઠ ગ્રામસભા માટે રાજ્યકક્ષાએ પસંદગી થવા પામી છે.

આગામી ૨૪મીએ ઝારખંડના ટાટાનગર ખાતે યોજાનાર પંચાયતીરાજ સશક્તિકરણના રાષ્ટ્રીય કાર્યક્રમમાં આ અંગેના પુરસ્કાર એનાયત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં એનાયત થશે. આ માટે જિલ્લાના ૬ પંચાયતી રાજના પદાધિકારીઓ ટાટાનગર જવા આગામી ૨૨મીએ રવાના થશે.

શ્રેષ્ઠ જિલ્લા પંચાયત અને શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તેમજ શ્રેષ્ઠ ગ્રામસભા એમ ત્રણેય કેટેગરીમાં જિલ્લાની પસંદગી થતાં પંચાયતના વર્તુળોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

એન.જી.ઓ. દ્વારા આ અંગે સતત બે દિવસના મૂલ્યાંકન બાદ જિલ્લાની પસંદગી થતાં કર્મચારીઆલમમાં પણ ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

૨૦૧૫-૧૬માં જિલ્લામાં સર્વાંગી વિકાસની દિશામાં લેવાયેલા મહત્વના પગલાંઓએ આ સિદ્ધિ અપાવી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સમરસતા સંમેલન - બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે ભારતીય જનતા પક્ષ દ્વારા રાજ્યમાં સામાજીક સમરસતા સંમેલનોનું આયોજન કરાયું હતું... જેના ભાગરૂપે ઉત્તર ગુજરાતના ૭ જીલ્લાનું સંયુક્ત સંમેલન ગાંધીનગર સેક્ટર-૬ના ગ્રાઉન્ડમાં યોજાયું હતું... ઉત્તર ગુજરાતના ભાજપના કાર્યકરોને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સંબોધનમાં રાજ્ય સરકારની કામગીરીનો અહેવાલ આપ્યો હતો... રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને સામાજીક ન્યાય મંત્રી શ્રી રમણભાઈ વોરાએ સંમેલનને સંબોધન કર્યું હતું.

# સે-૭ માં જ-૧ કક્ષાના સરકારી આવાસમાં છતમાંથી પોપડુ ખરતા મહિલાને ઈજા

## નવા બ્લોક બાંધવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ પુર્ણતાના આરે છે ત્યારે સેકટરોમાં હજુ પણ ભયજનક મકાનોની સંખ્યા વિશેષ : માર્ગ મકાન વિભાગ દ્વારા નાગરિકોની રજુઆતો સામે કોઈ પગલા લેવાતા નથી

ગાંધીનગર તા ૨૦

શહેરમાં નિકાલ હેઠળન મકાનો તોડી આવાસોની સ્થિત મામલે સબ સલામત હોવાનુ માનતા માર્ગ મકાન વિભાગ દ્વારા ભયજનક આવસોનો રી સર્વે કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. સે-૭ ના જ-૨ કક્ષાના એક બ્લોકમાં ગઈકાલે છતમાંથી મોટુમસ પોપડુ ખરતા મહીલાને ઈજા થઈ હતી.

સેકટરોમાં નિકાલ હેઠળના મકાનો દુર કરી સરકારી આવાસોની સલામતીના મામલે સરકારે સબ સલામત હોવાનુ માની લીધુ છે. થોડા સમય અગાઉ જ સે-૭ માં નવા આવાસો બાંધવાનુ કામ પુરજોશમાં ચાલી રહયુ છે.ત્યારે માર્ગ મકાન મંત્રી દ્વારા પણ નવા આવાસોમાં કર્મચારીઓને તમામ પ્રકારની સુવિધાઓ પુરી પાડવાનો દાવો કરવામાં આવ્યો છે. પરંતુ હાલ જે આવાસોમાં સરકારી કર્મચારીઓ વસવાટ કરે છે. તે અત્યંત ભયજનક હાલતમાં હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે.શહેરના સરકારી આવાસોની છત સલામત નથી. જેના પરિણામે વારંવાર છતમાંથી પોપડા ખરી રહયા છે. સરકારી આવાસોમાંથી પોપડા ખરવાના લીધે અનેકવાર રહીશોને લોહીયાળ ઈજા થઈ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. શહેરમાં નિકાલ હેઠળના સરકારી આવાસો તોડી

● અનુસંધાન પાન-૭ પર

## ભાવાંજલિ....



મા તે મા...

તું હતી તો ઘર, ખરેખર ઘર હતું... મા
મીઠું આંગણે એક સરોવર હતું... મા
સાવ ખાલીખમ હતું, પણ તું હતી તો,
એમ લાગે... જીવન પગભર હતું... મા
યાતના વચ્ચે મલકતું ને હરખતું,
એ વદન હંમેશા હેતાળ હતું... મા
ફાયદા-નુકસાનનો હિસાબ કેવો...?
તારું હોવું એ જ અમારું અસ્તિત્વ હતું... મા

તારા દિવ્ય આત્માને મોક્ષગતિ મળે તે જ પ્રાર્થના.

અ. નિ. વત્સલાબેન પટેલ
ચૈત્ર વદ સાતમ, ૨૧/૪/૨૦૧૪

લિ.
ચાહના ● મોરલી ● ભૂષણ ● પ્રકાશ ● ઉજાસ ● નમન ● લીના ● ફ્રેયા ● જૈમિન
તથા સમસ્ત પટેલ અને અંજારિયા પરિવાર

## આનંદીબેન મધ્યસ્થ કાર્યાલયોના રાઉન્ડમાં નિકળતાં કાર્યકરો ઉત્સાહમાં

ગાંધીનગર

મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં પ્રચાર અભિયાન ચરમસીમાએ પહોંચ્યું છે ત્યારે મોડી સાંજે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ મોડી રાત્રે શહેરના વિવિધ વોર્ડના ભાજપના મધ્યસ્થ કાર્યાલયોનો રાઉન્ડ લેતા કાર્યકરોમાં નવા જોમ અને જુસ્સાનો સંચાર થવા પામ્યો છે.

# સૌનો સાથ સૌનો વિકાસ એ કર્મમંત્ર સામાજિક સમરસતા અભિયાનનો પાયો છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યની ભારતીય જનતા પક્ષની સરકારે કોઈપણ જાતના ભેદભાવ સિવાય "સૌનો સાથ સૌનો વિકાસ"ના કર્મમંત્ર સાથે સામાજિક સમરસતાની દિશામાં અનેકવિધ પગલાંઓ ઉઠાવ્યા હોવાનું રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગરના સે. ૬ ખાતે આજે યોજાયેલ સામાજિક સમરસતા સંમેલનને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે બી.પી.એલ. પરિવારોને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં સરકારે અગ્રીમતાથી કામગીરી કરી છે. આ ઉપરાંત એફોર્ડેબલ હાઉસીંગના ૪ લાખથી વધુ મકાનો તૈયાર કરાવી તેના માલિકી હક્ક પણ આપી દેવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે સામાજિક સમરસતાનો પાયો એ શિક્ષણ છે અને બાબાસાહેબ પણ કહેતા હતા કે શિક્ષિત બનો. રાજ્ય સરકારે શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો યોજી ૧૦૦ ટકા નામાંકન થાય તેના તમામ પ્રયાસો કર્યા છે અને સફળતા પણ મેળવી છે. તેમણે આજના સંમેલનમાં દલિત આગેવાનો દ્વારા કન્યા કેળવણી નિધિમાં મળેલા દાનને વધુ મહત્વપૂર્ણ લેખાવતાં જણાવ્યું હતું કે શિક્ષિત અને સમરસ સમાજ રચનાના અભિયાનને આનાથી નવો વેગ મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# બાંધકામ સમિતિના ચેરમેનનો મુદ્દો હાઈકોર્ટ પહોંચ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિનો વિવાદ ગુજરાતની વડી અદાલતમાં પહોંચ્યો છે અને આજે તેની સુનાવણી હાથ ધરાનાર છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેનની નિયુક્તીને લઈ થયેલો વિવાદ વધુ ઘેરો થતો જાય છે. આ સમિતિની પ્રથમ બેઠકમાં જ કોંગ્રેસમાં બળવો કરી અમૃતાબેન ચેરમેન બન્યા હતા પરંતુ કાર્યવાહી નોંધ પર કાર્યકારી અધ્યક્ષની સહિ થઈ ન હોવાથી જિલ્લા વિકાસ અધિકારીએ કાર્યવાહી રદ કરતા હૂકમો કર્યા હતા.

આ પછી જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હૂકમ સામે પદનામિત ચેરમેન અમૃતાબેન પંચાયત સચિવને અપીલ કરતાં પંચાયત સચિવે તેમની અપીલ ગ્રાહ્ય રાખી તેમની નિમણુંકને બહાલી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર


આપણા તમામ અધિકારોનો આધાર - આપણો મતાધિકાર




શિવાલય
A Project By S.R INFRACON
સૌજન્ય : PARISAR @ Kudasan, Gandhinagar
5 Rooms - Kitchen - Dining


# ઉદ્યોગ ભવન સંકુલમાં કચરો સળગાવાતા વાતાવરણ પ્રદૂષિત : પ્રકૃતિપ્રેમીઓમાં રોષ

## શહેરમાં જાહેરમાં કચરો સળગાવાની બિન્દાસ્ત હરકત સામે કોઈ પગલા લેવાતા નથી : સેકટરોમાં મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ પણ કચરાપેટીઓ જ ગંદકીનુ કેન્દ્ર સ્થાન

ગાંધીનગર તા ૨૦

શહેરમાં મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ પણ સેકટરોમાં કાયમી સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ છે. સેકટરોમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ત્યારે નગરની સરકારી કચેરીઓમાં પણ ગંદકીના ઢગ જામે છે. સરકારી કચેરીઓમાં કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા જ પ્રદુષણનુ ઉદભવ સ્થાન બની છે. કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાની સાથે જાહેરમાં કચરો સળગાવી પ્રદુષણ ફેલાવાની હરકત સામે પણ કોઈ પગલા લેવાતા નથી. નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઉદ્યોગભવન સંકુલમાં પણ ગઈકાલે કચરા પેટી આસપાસ જ આગચંપી કરવામાં આવતા ધુમાડાના ગોટા ઉડ્યા હતા.

શહેરમાં મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ પણ સેકટરોમાં રહીશોના ઘર આંગણે જ દુવિધાઓનુ દંગલ સર્જાયેલુ જોવા મળે છે. વર્ષોના અંતે સેકટરોમાં સફાઈ વ્યવસ્થાનો અભાવ વર્તાય છે. તોતિંગ વેરો ચુકવતા નાગરિકોને સ્વચ્છતાના મુદ્દે નિરાશા જ સાંપડી છે. ત્યારે ઘરઆંગણે તરવરતી નતનવી સમસ્યાઓનો પણ કોઈ પાર નથી. બીજીતરફ ગંદકીની સમસ્યામાંથી પ્રદુષણનો સળગતો પ્રશ્ન પણ બેકાબુ બની રહયો છે. શહેરીજનોને સેકટરોમા ગંદકીની સમસ્યા સતાવી રહી છે. ત્યારે નગરની સરકારી કચેરીમાં પણ કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા જ ગંદકીનુ કેન્દ્ર સ્થાન બની છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઉદ્યોગભવનના સંકુલમાં સ્થિત

● અનુસંધાન પાન-૭ પર

# સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની ભીડને ધ્યાને લઈ ફાઉન્ટેઈન શો વધારવા પ્રબળ માંગ

## સ્વર્ણિમ પાર્કમાં રંગબેરંગી ફુવારા સાથે યોજાતો વોટર-શો સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર

ગાંધીનગર તા ૨૦

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં રંગબંરંગી ફાઉન્ટેઈન મુકવામાં આવ્યા છે. જયારે પાર્કમાં રોજબરોજ આવતા સહેલાણીઓ માટે મોડીસાંજે ફાઉન્ટેઈન શો યોજવામાં આવે છે. જયારે હાલ વેકેશનની સિઝનને ધ્યાને રાખી તંત્ર દ્વારા વધુ એક શો નુ આયોજન કરવામાં આયોજન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં કરોડોના ખર્ચે સહેલાણીઓ માટે આકર્ષણ ઉભુ કરવામાં આવ્યુ છે. જેમાં હરિયાળી લોન તેમજ પ્લાન્ટેશન વચાળે વિવિધ પ્લાઝા તેમજ સીટીંગ અમબ્રેલા પણ મુકવામાં આવ્યા છે. જયારે સ્વર્ણિમ પાર્કમાં વિશેષ પ્રકારની ટેકનોલોજી ધરાવતા ફાઉન્ટેઈન પણ મુકવામાં આવ્યા છે. જેના આધારે દરરોજ મોડી સાંજે પાર્કમાં આવતા મુલાકાતીઓ માટે બે શો યોજવામાં આવે છે. જયારે હાલ વેકેશનની સિઝન હોવાથી સ્વર્ણિમ પાર્કમાં રોજબરોજ સહેલાણીઓની ભીડ જામે છે. તંત્ર દ્વારા હાલ દરરોજ મોડી સાંજે બે વોટર શો યોજવામાં આવે છે. જયારે મોડી સાંજે સહેલાણીઓની ભીડને અનુલક્ષી નગરજનો દ્વારા રાત્રિના સમયે વધુ એક શો યોજાય તેવી માંગ કરવામાં આવી છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com